# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"મદદનીશ કેળવણી નિરીક્ષક (વર્ગ-3) (પ્રાથમિક શાળાઓ) બઢતી માટેની Special Competitive Exam-૨૦૨૫ પરીણામ જાહેરનામું"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEI/SCE/૨૦૨૫/૨૪૮૧-૨૬૦૧ તા:૦૬/03/૨૦૨૫

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૬/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:-પ્રાશિનિ/મકમ/ક.૧ /કે.નિ./૨૦૨૪/1796 થી મદદનીશ કેળવણી નિરીક્ષક માટેની Special Competitive Exam નું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને જણાવવામાં આવેલ હતું. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ જાહેરનામા અંતર્ગત પરીક્ષાનું પરિણામ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને આપવામાં આવશે. આગળની પ્રકિયા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 પરીક્ષા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 ઉમેદવારો માટે તા.૦૨/૦૨/૨૦૨૫ (રવિવાર) બપોરે ૧૨:૦૦ કલાક થી ૦૨:૦૦ કલાક દરમિયાન અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરતના કુલ ૧૬ પરીક્ષા કેન્દ્રો પર મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 નું આયોજન કરવામાં આવેલ હતું.

પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૬/૦૨/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઈ-મેઈલ મારફત તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા.૧૨/૦૨/૨૦૨૫ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેનીના કચેરીના ઇ-મેઇલ એડ્રેસ (sebg.query@gmail.com) પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી. આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૦૬/03/૨૦૨૫ (ગુરુવાર) ના રોજ "મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025" નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

❖ **પરીણામની વિગતો:**

| Register | Pass |
|---|---|
| 3192 | 2383 |

| Details of Marks (out of 200) | Candidates |
|---|---|
| 80 And More | 2307 |
| 90 And More | 1681 |
| 100 And More | 1101 |
| 110 And More | 698 |
| 120 And More | 489 |
| 130 And More | 329 |
| 140 And More | 191 |
| 150 And More | 94 |
| 160 And More | 32 |
| 170 And More | 7 |

❖ <u>અગત્યની સૂચનાઓ:</u>

- આ કસોટીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 35% (70 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- (SC અને ST કેટેગરી સિવાયના) અન્ય તમામ કેટેગરીના ઉમેદવારો માટે વિભાગ-૧ અને ૨ બંન્નેમાં મળી ઓછામાં ઓછા 40% (80 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
- ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૦૬/૦૩/૨૦૨૫ થી તા:૧૧/૦૩/૨૦૨૫ દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે તા:૧૧/૦૩/૨૦૨૫ બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની વિગતોની ચકાસણી બઢતી/ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે બઢતી/ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ ફી ભરેલ તમામ ઉમેદવારોને પરીક્ષામાં બેસવા તક આપેલ છે. તેથી પરીક્ષા આપી પાસ થવાથી બઢતી/ભરતી માટે લાયક ગણી શકાશે તેવો દાવો કરી શકાશે નહી. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરિણામની વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવામાં આવશે. આ અંગે બઢતી/ભરતી સમિતિ જે નિર્ણય લે તે આખરી ગણાશે.

સ્થળ: ગાંધીનગર
તા.૦૬/૦૩/૨૦૨૫

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

ઉમેદવારનું નામ:-............................................ બેઠક નંબર:-......................................

પરીક્ષાનો જિલ્લો:-............................................ પ્રશ્ન પુસ્તિકા નંબર:-............................

પરીક્ષા કેન્દ્રનું નામ :-........................................ પ્રશ્ન પુસ્તિકા કેટેગરી(A, B, C, D):-............

બ્લોક નંબર:-....................................................

મોબાઈલ નં.:-..................................................

પ્રતિ,

સચિવશ્રી,

રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય સામે,

સેક્ટર-૨૧, ગાંધીનગર

વિષય:- મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 પરીક્ષાની **OMR Sheet**ની પુન:ચકાસણી કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૨/૦૨/૨૦૨૫ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા.૦૬/03/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ....... ગુણ મળેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheetની ચકાસણી કરતા મને......ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજ્ય પરીક્ષા બોર્ડ તા:૦૬/03/૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/AEI/SCE /૨૦૨૫/૨૪૮૧-૨૬૦૧ માં સૂચવ્યા મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા.................. ના રોજ પહોંચનં. .......................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-3) બઢતી માટેની Special Competitive Exam-2025 પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

...............................

(ઉમેદવારની સહી.)

બિડાણ ૧.હોલટીકીટ ની નકલ

૨.OMR Sheetની નકલ

- **OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:**(નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુન:ચકાસણી બાદ ભરવાની રહેશે.)

..........................................................................................................................................

તા:-............................. ઉમેદવારની સહી.................................

સ્થળ:- ગાંધીનગર.